VASISHTHA GROUP OF SCHOOL

શીખવું

જવાબદારી

# જીવનપંથ

અંક : ૬ । નવેમ્બર – ૨૦૨૪

## કવિતા

જીવનમાં આગળ વધવા નવું શીખવું પડે છે,
અનુભવો શોધવા જૂનું દફતર ફરી વીખવું પડે છે.

આકાંક્ષા તો અંબરે અડવાની છે બધાને,
અડતા પહેલાં ચડતા શીખવું પડે છે.

જીવનમાં કેટલાય ઉતાર – ચડાવ આવતા રહે,
સંજોગો સામે જાતને નિચોડતા શીખવું પડે છે.

ગરીબોની હાકણી કાઢતા પહેલાં વિચારજો,
પેટનો ખાડો પૂરવા જીવથીય જીતવું પડે છે.

વૃક્ષની ડાળીઓ પરના પર્ણોએ કહ્યું કે,
સંબંધોને સંભાળવા પવન સામે ઝઝૂમવું પડે છે.

## બાળકો માટે અનિવાર્ય ૧૮ ગુણ

બાળકોનાં જીવન તથા વ્યક્તિત્વને ઉજાળે એવા કેટલાક ગુણોની આપણે ચર્ચા કરીશું. બાળકો બુદ્ધિવાન હોય એ તો બહુ સારી વાત છે પણ તે ગુણવાન હોય એ પણ એટલું જ જરૂરી છે. હોંશિયાર બાળકો પણ તોછડાં હોય, અભિમાની હોય, સ્વાર્થી હોય તો તેમની હોંશિયારી લેખે લાગી એમ ન કહેવાય. એની સામે ઓછા બુદ્ધિવાન હોય પણ ઉમદા ગુણો ધરાવતાં હોય એવાં બાળકો જલદી સ્વીકાર્ય હોય. અંગ્રેજીમાં જેને ‘ક્વૉલિટીઝ’ કહીએ એવાં ગુણો બાળકોમાં હોય તો તે તેમનાં સર્વાંગીણ વિકાસમાં સહાયક બને એની એક પછી એક વાત આપણે કરીશું. બાળકો પોતાના ગુણોને પારખે, અનુભવે તો તેનો જીવનમાં વિનિયોગ કરીને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરી શકે. બાળકોએ જ નહીં, પરિવારના પ્રત્યેક સદસ્યે આ વાતનું ચિંતન–મનન કરવું જોઈએ.

## નિશ્ચિત ધ્યેય

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં કોઈ ને કોઈ નિશ્ચિત ઉદ્દેશ્ય હોવો જોઈએ. લક્ષ્ય નિર્ધારિત હોય તો જીવનને તે દિશામાં ગતિમાન કરવાનું શક્ય બની શકે એ ધ્યેયની પ્રાપ્તિ થાય ત્યારે સંતોષ અને આનંદની લાગણી અનુભવાય. હું ઘણીવાર લોકોને પૂછતો હોઉં છું કે, ‘જીવનનો તમારો ઉદ્દેશ્ય શું હોય છે? ’ તો ઘણા મૂંઝાઈ જાય છે. બાળકોને પૂછું તો તેમનો સીધો જવાબ હોય છે, પરીક્ષામાં નેવું –પંચાણું ટકા માર્ક લાવવાનો મારો ઉદ્દેશ્ય હોય છે. પણ પરીક્ષા સિવાય પણ જીવનના અન્ય ઉદ્દેશ્યો હોય છે; એની તેમને જાણકારી નથી હોતી. અધ્યયન ક્ષેત્રે પણ જે વિકલ્પો હોય છે તેને વિશે તે અજ્ઞાન હોય છે. વાલીઓએ તેમને તે વિશે જાણકારી આપીને તેમની સાથે ચર્ચા–વિચારણા કરવી જોઈએ. વળી ધ્યેય નક્કી કરવો એ પૂરતું નથી હોતું. એ ધ્યેયને પ્રાપ્ત કરવાના રસ્તાઓની પણ તેમને જાણ થવી જોઈએ.

ધ્યેય હંમેશા મોટા જ હોય એ જરૂરી નથી. ‘કાલે સવારથી હું છ વાગ્યે ઊઠી જઈશ’ એ ધ્યેયને સિદ્ધ કરવાની નેમ હોય એ પણ બસ છે. ‘આ અઠવાડિયામાં હું જમવાની થાળીમાં જરા પણ એઠું નહીં મૂકું. આ ધ્યેયને બાળકો અને પરિવારજનો પાળે તો બહુ મોટી વાત કહેવાય. ‘એક દિવસ આપણામાંથી કોઈ ટી.વી. નહીં જુએ.’ એ પણ ધ્યેયપૂર્તિ છે.

નાના–નાના સંકલ્પ લઈ એને પૂરા થતા બાળકોમાં એક પ્રકારનો વિશ્વાસ જાગે છે. લક્ષ્યની સિદ્ધિનો બાળકોને આનંદ મળે છે. જેવી રીતે એક– એક ઈંટ જોડીને પૂરી ઈમારત તૈયાર થાય છે.

## ‘ના’ સાંભળવાની ક્ષમતા

બાળકોના વ્યવહારને જોઈએ તો તેઓ ‘હા’થી જેટલા ટેવાયેલા છે તેટલા ‘ના’થી ટેવાયેલા નથી. ઘણાં ઘરોમાં, પરિવારોમાં બાળકોને મોટેરાઓ તરફથી ‘ના’ સાંભળવાનું આવતું જ નથી. બાળકો જે માગે તે હાજર કરી દેવામાં આવે છે. તેથી પછી તેઓ ‘ના’ સાંભળવા તૈયાર નથી હોતાં.

વાલીઓએ ક્યારેક બાળકને ‘ના’ પણ કહેવી જોઈએ. તો જ તેઓ સમજી શકશે કે ક્યારેક માગેલી વસ્તુ નહીં પણ મળે... બધી વખત આપણા મનની મરજી પ્રમાણે ન પણ થાય. નાની નાની વાતોમાં ધાર્યું ન થાય, સફળ ન થવાય તો કેવી રીતે આગળ વધવું એનું શિક્ષણ બાળકોને મળવું જોઈએ. જ્યારે બાળકો સામેવાળાની ‘ના’ને સમજવા અને સ્વીકારતાં શીખશે ત્યારે ચોક્કસ તેમને નવી રાહ શોધવાની આવશ્યકતા ઊભી થશે.

## પહેલ કરતાં શીખો

જે બાળકો સ્વયં કોઈ નવું કામ કરવાની પહેલ કરે છે તે બાળકોમાં આગળ જતાં નેતૃત્વનો ગુણ વિકસે છે. આ રીતે બાળકોમાં નવું નવું કરવાની હોંશ જાગે એ માટે માતા–પિતા–વાલીઓએ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. આ પ્રકારની વૃત્તિ તેમનામાં સાહસિકતાનો ગુણ વિકસાવે છે. શાંત અને ભીરુ પ્રકૃતિનાં બાળકોમાં આમ કંઈ નવું કરવાની હોંશ જાગે તો તેમનું વ્યક્તિત્વ ખીલવા લાગે છે.

## દ્રઢ ઈચ્છાશક્તિ

એકદમ વિપરીત પરિસ્થિતમાં પણ કામ પાર પાડવા માટે દ્રઢ ઈચ્છાશક્તિ જોઈએ. એકલાં બાળક માટે તેમજ તેમના નાના, મોટા જૂથ માટે આ પ્રકારની ઈચ્છાશક્તિ વરદાન સાબિત થાય છે. કોઈ બાળક એકલો મેદાનમાં વધુ ઝડપથી દોડે અને બીજા બાળક જોડે સ્પર્ધા કરવા માટે દોડે – એ બે પરિસ્થિતિમાં એની ઈચ્છાશક્તિ એને દોરે છે. તેમાં એક નિશ્ચિત ધ્યેય ભળે છે એટલે એનું દોડવું સાર્થક બને છે. આ માટે વાલીઓએ તેમની સરાહના કરી તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. દ્રઢ ઈચ્છાશક્તિથી માણસ ચન્દ્ર પર પહોંચી શકતો હોય તો બીજું શું નહીં થઈ શકે?

## વક્તૃત્વકળાનું કૌશલ

વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં સફળ થનાર વ્યક્તિઓમાં એક ગુણ સામાન્યપણે જોવા મળે છે તે તેમની વક્તૃત્વની શક્તિ. જે વ્યક્તિ વાણી દ્વારા પોતાની જાતને વધારે સારી રીતે વ્યક્ત કરી શકે એ વ્યક્તિ પોતાના વ્યવસાય કે ક્ષેત્રમાં જરૂર અન્યો પર પ્રભાવ પાડી શકે. નાનપણથી બાળકો સારી રીતે બોલતાં થાય અને તેમને એ માટે વિવિધ પ્રકારની તાલીમ મળે તો જરૂર તે સારા વકતા બની શકે. બાળકોને વાર્તાઓ કહીને તેમનામાં આ ગુણ કેળવી શકાય.

## બીજાની પ્રશંસા કરતાં શીખો

પોતાની પ્રશંસા તો સહુને ગમે છે. બાળકોની પણ પ્રશંસા કરવી જોઈએ તો જ તેમને કામ કરવાની હોંશ જાગે છે. પણ તે સાથે બીજા કોઈએ કોઈ સિદ્ધિ મેળવી હોય તો તેની પ્રશંસા કરવા માટે વાલીઓએ તેમને પ્રેરિત કરવાં જોઈએ. સામેની વ્યક્તિનો સરસ પહેરવેશ જોઈને તેમની તારીફ કરવાની હોંશ થવી જોઈએ. કેટલાક એવા ઉમદા ગુણ, જે આપણામાં ન હોય તો તેની પ્રશંસા કરવી જોઈએ એનાથી આપણામાં પણ એ ગુણ કેળવવાની ભાવના જાગે છે.

જે બાળકો બીજાની પ્રશંસા કરી શકે તેમનાં મન શુદ્ધ હોય છે. તેમનામાં સકારાત્મક અભિગમ કેળવાય છે.

## અનુશાસન

જીવનમાં શિસ્ત જરૂરી છે એ આપણે બાળકોને નાનપણથી શીખવવું જોઈએ... જે છોકરો ઘરમાં શિસ્ત જાળવે છે તે સ્કૂલમાં કે બીજે બધે પણ અનુશાસન જાળવશે. બાળકોમાં પોતાનાં કામ જાતે કરવાની આદત કેળવીને સ્વાશ્રયનો ગુણ કેળવી શકાય. સૂવા માટેની પોતાની પથારી પોતે કરે, પોતાનું દફતર પોતે તૈયાર કરે, પોતાના બૂટને પોતે પોલિશ કરે... આવું આવું તો ઘણું શીખે અને એ રીતે અનુશાસનનો મહિમા સમજે એ જરૂરી છે.

## સામાજિક નિસબત

ઘર–કુટુંબની સાથે બાળકોને સામાજિક વ્યવહારનું જ્ઞાન પણ આપવું જોઈએ. સામાજિક પ્રસંગોમાં તેઓ ભાગ લેતાં થશે તો તેમનામાં નેતૃત્વનો ગુણ ખીલશે. જે બાળકો એકલા રહેવાનું પસંદ કરે છે તે અન્યો સાથે હળીમળી નથી શકતાં. એટલે જે પરિવારમાં ધાર્મિક તહેવાર ઊજવાતો હોય તથા લગ્ન, સ્નેહમિલન જેવા સમારંભોમાં જવાનું હોય તો બાળકોને સાથે રાખવાં જોઈએ. તેનાથી તેમનામાં સામાજિક જવાબદારીની સભાનતા આવે છે. જે સમાજે આપણને જે કંઈ આપ્યું છે – તેનું વળતર આપણે આપવું જોઈએ... આ પ્રકારની સામાજિક નિસબત બાળકોમાં કેળવાય એ જરૂરી છે.

## પુસ્તકપ્રેમ

બાળકો માત્ર ભણવાની ચોપડીઓ વાચે એ પૂરતું નથી. તેમનામાં ઈતરવાચનનો શોખ પણ કેળવવો જોઈએ. વાચનમાં રસ–રુચિ જાગે તો બૌદ્ધિક વિકાસનો માર્ગ ખુલ્લો થાય. ઘરમાં છાપા–મેગેઝિન આવતાં હોય તો બાળકો તે વાચતાં થાય એ ઘણું સારું કહેવાય. બાળકોને મજા પડે એવી વાર્તાની ચોપડીઓ તેમને લઈ આપો તો પછી આપોઆપ તેમને વાચવાનો શોખ જાગે.

## પોતાનું કામ પોતે કરો

હા, બાળકોને આ ખાસ શીખવવાની જરૂર છે. ઘણા પરિવારોમાં બાળકોને કરવાના કામ વાલીઓ કરી આપે છે. શાળામાંથી તેમને ઘરકામ આપ્યું હોય. કોઈ પ્રોજેક્ટ કરવા આપ્યો હોય તો વાલીઓ બાળકોને માર્ગદર્શન આપે એ સારું છે પણ બાળકોને બદલે પોતે જ એવાં કામ કરી આપે તો બાળકો બેજવાબદાર બની જાય વળી બાળકો જે કોઈ કામ કરે તે પૂરું કરવાની જવાબદારી પણ તેની જ હોય. અધૂરા કામ કરવાની વૃત્તિ સારી નહીં કહેવાય. તેઓ જે કામ હાથમાં લે તે પૂરાં કરે એ જોવાની જવાબદારી મા–બાપની છે.

## સારા શ્રોતા બનવું જરૂરી છે

'સાંભળો બધાનું પણ કરો મનનું.' આ કહેવત આપણે બધાએ સાંભળી છે. આપણું મન સાચો નિર્ણય લઈ શકે તે માટે બીજાનું સાંભળવું જરૂરી બને છે... શાળામાં શિક્ષકો જે બોલે તે ધ્યાનથી સાંભળીએ તો જ જ્ઞાનની દિશા ખૂલે. કોઈ મહત્ત્વના વિષય પર સારા વક્તા બોલવાના હોય તો પરિવારે પોતાની સાથે બાળકોને પણ લઈ જવાં જોઈએ. પુસ્તકો વાંચીને જે જ્ઞાન મળે, એવું અને એટલું જ જ્ઞાન સારા પ્રવચનો સાંભળવાથી મળે... વક્તૃત્વ સ્પર્ધા, વાદ–વિવાદ, પરિસંવાદ આ બધામાં હાજરી આપવાથી બાળકોને ઘણું જાણવા મળે છે.

## નિર્ભયતાનું મહત્વ

પોતાની વાત સામેવાળાને સ્પષ્ટ રીતે કહેવી, સામેવાળાની વાત યોગ્ય ન લાગે તો સ્પષ્ટ શબ્દોમાં તેનો વિરોધ કરવો, કોઈ ધમકીના સૂરમાં બોલે તેનાથી ડર્યા વિના આપણે આપણું કામ કરતાં રહીએ, અર્થાત્ કોઈની શેહ–શરમમાં તણાયા વિના આપણે આપણી રીતે આગળ વધીએ, નિર્ભિક બનીએ એ એક અતિ મહત્ત્વનો ગુણ છે. રમતના મેદાનમાં કે કોઈપણ જાહેર જગ્યાએ જવાનું થાય ત્યારે જરૂરી હિંમત બાળકો પાસે હોવી જોઈએ. જે બાળકો ઘરમાં જ ભરાઈ રહેતાં હોય એ ભીરુ અને ડરપોક બની જાય. તેથી જ બાળકોના સર્વાંગી વિકાસ માટે અન્યોને મળવાનું, વિચારવિનિમય કરવાનું જરૂરી બને છે. વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લેવાથી આત્મવિશ્વાસ દ્રઢ બને છે.

## વિનયશીલતા

'વિદ્યા વિનયથી શોભે છે', એ ઉક્તિ આપણે સહુ કોઈ જાણીએ છીએ. જે વ્યક્તિ અહંકારી હોય એની આવડત કે કુશળતા બહુ કામ નથી લાગતી. બીજાની સાથે હળી–મળીને કામ કરવાથી જ કાર્યસિદ્ધિ મળે છે. નાની–મોટી કોઈપણ પ્રાપ્તિથી આપણે તોછડા નહીં પણ વિનયશીલ બનવું જોઈએ. ગમે એટલો જ્ઞાની માણસ વિનમ્ર ન હોય તો એને અવગુણ કહેવો જોઈએ. વિનમ્ર વ્યક્તિ સહુને ગમે છે, સહુ એને માન આપે છે. બાળકોના ઘડતરમાં વિનયશીલતા બહુ જ જરૂરી ગુણ છે.

## ચારિત્ર્યવાન બનો

ઊંચા પદ પર બેઠેલી બુદ્ધિમાન –બાહોશ વ્યક્તિ પણ ચારિત્ર્યહીન હોય તો લોકોની નજરમાંથી તે ઊતરી જાય છે. નીતિ અને ચારિત્ર્યના પાઠ બાળકોને નાનપણથી ભણાવવા પડે છે. તેમાં ઘર–કુટુંબનું વાતાવરણ તથા વડીલો–વાલીઓના વાણી –વ્યવહાર મહત્ત્વનો ભાગ ભજવે છે. સદાચારનું શિક્ષણ બાળકોને તેમની પાસેથી મળે છે. બાળકોનું સંસ્કાર –સિંચન બરાબર થાય તો જીવનભર તેમનું આચરણ અણિશુદ્ધ રહી શકે. જીવનમાં કોઈપણ પરિસ્થિતિ આવે પણ મન વિચલિત ન થાય એવી શક્તિ કેળવવી પડે. પ્રલોભનમાં ન ફસાય, વ્યસનોથી અળગા રહે એવી કેળવણી તેને ગળથૂથીમાંથી મળે તો જરૂર તે ચારિત્ર્યવાન વ્યક્તિ બની શકે.

## નિર્ણયક્ષમતા

જીવનનો પથ સીધો, સરળ નથી હોતો. તેમાં ઘણા ઉતારચઢાવ આવે છે.વિકટ પરિસ્થિતિમાં ઉચિત નિર્ણય લેવાય એ અપેક્ષિત હોય છે. બાળકોને પણ તેમનાં જીવનમાં નિર્ણય લેવા પ્રેરિત કરવાં જોઈએ. એ નિર્ણય ખોટો હોય તો પણ તે એમાંથી ઘણું શીખે છે. પરીક્ષાના પ્રશ્નપત્ર એ પરીક્ષાખંડમાં પોતાની રીતે ઉકેલે છે એવું જ જીવનના નિર્ણાયક તબક્કે એ ઉચિત નિર્ણય પોતાની રીતે લે તો તેનો માનસિક અને બૌદ્ધિક વિકાસ પોતાની રીતે થાય છે.

## એકાગ્રતા તથા ધ્યાનની આદત

જે ઘરમાં સમગ્ર પરિવાર એક નિશ્ચત સમયે અને સ્થળે પ્રાર્થના–ધ્યાન–યોગ માટે ભેગા મળે એ પરિવારનું માનસિક સ્વાસ્થય સારું રહે છે. ધ્યાન ધરવાથી એકાગ્રતાની આદત કેળવાય છે. આની આદત બાળકોને પણ હોવી જોઈએ. જો તે ધ્યાન ધરતા શીખશે તો અધ્યયન ગંભીરતાથી કરી શકશે, તેથી સમજણશક્તિનો વિકાસ થશે તથા મનને શાંત રાખતાં શીખશે.

## શિષ્ટાચાર

પોતાનાથી મોટા એવા વડીલો સામે વિવેક જાળવવો, તેમની સાથે વિનમ્રતાથી વાતચીત કરવી, તેમની આજ્ઞાનું પાલન કરવું આ બધું નાનાં બાળકોને પહેલેથી શીખવવું જોઈએ. કોઈના ઘરે જઈએ કે ઘરમાં મહેમાન આવે તો વડીલોના ચરણસ્પર્શ કરવા, તેમના આશીર્વાદ લેવા એ બધું બાળકના જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. શિષ્ટાચારનું પાલન કરનારાં બાળકોમાં નમ્રતા અને શિસ્ત આપોઆપ આવે છે.

## સર્જનશીલતા

વ્યક્તિનું જમણું મગજ તેને સર્જનશીલતા તરફ દોરે છે. કોઈપણ કામ કે વ્યવહાર એકવિધ રીતે, યાંત્રિકતાથી કરવામાં આવે તો તેમાં મજા નહીં આવે. તેથી તેમાં વિવિધતા લાવવા માટે વ્યક્તિ સર્જનશીલ હોય એ જરૂરી છે. વિચારોમાં જડતા નહીં આવે તેથી તેમની સર્જનશીલતાને પોષક વાતાવરણ હોવું જોઈએ. આમાં કલા–સંગીત મહત્વનો ભાગ ભજવી શકે. દરેક કામ કે વ્યવહાર કંઈક અલગ રીતે કરવાની નેમ રાખનારાં બાળકો સર્જનાત્મક અભિગમ કેળવે છે. આ માટે તેમને અભિનય, ગાયન, નૃત્યના વર્કશોપમાં મોકલવાથી પરિણામ ઘણું સારું મળે છે.

પુસ્તક : ઊછેરની એ.બી.સી.ડી( મનોજ અંબિકે)

## મુંબઇ પર થયેલા આતંકવાદી હુમલામાં બચી ગયેલા એક યુવાનની આપવીતી

(૨૬ નવેમ્બર ૨૦૦૮ને દિવસે મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલામાં તાજ હોટેલમાંથી હેમખેમ બચીને બહાર આવી શકેલા યુનિલિવર કંપનીના એક વરિષ્ઠ મેનેજરની આપવીતી તેમના જ શબ્દોમાં...)

મને થયેલા યાતનાભર્યા ભયાનક અનુભવ વખતે તમે બધાએ કરેલી પ્રાર્થના અને તમારા સહકાર બદલ હું તમારો સહુનો હૃદયપૂર્વક આભાર માનું છું હજી સુધી હું મારા બધા શુભચિંતકો સાથે વાતચીત કરી શક્યો નથી તેથી આ ઈમેલ દ્વારા બધા સુધી મારાં હૃદયની વાત પહોંચાડી રહ્યો છું.હું ઈમેલ લખવાની કલામાં માહેર નથી તે બદલ મને માફ કરશો.

તે રાતે શું બન્યું તેની જફામાં પડયા વિના હું સીધો મારી વાત પર આવું છું. હું એ ગોઝારી રાતે તાજ હોટેલના એક ખંડમાં પુરાયેલો હતો. લગભગ ચાર વાગ્યે સવારે અગ્નિ અને ધુમાડાના ગોટેગોટા મને ગળી જાય એ પહેલાં હું લપાતોછુપાતો ભાગ્યો. ભગવાનની કૃપાથી હું છ માળ ઊતરી કેટલાક મીટરનું અંતર શેતાની આતંકવાદીઓની નજરે ચડયા વિના કાપી શક્યો.

તમે કલ્પી શકો છો કે આ ઈમેલ લખી રહ્યો છું ત્યારે હું કેટલી ખુશીનો અનુભવ કરી રહ્યો હોઈશ!

મને વિચાર આવ્યો કે મારે કેટલીક વાતો મારા આ અનુભવ પછી તમારી સાથે વહેંચવી જોઈએ જે તમને ઉપયોગી પણ થઈ પડશે.

આજના આધુનિક યુગમાં દરેક જગાએ જોખમ છે. આતંકવાદીઓ, સુનામી, ધરતીકંપ – યાદી હજી ઘણી લંબાવી શકાય એમ છે. આમાંની એક પણ આફત તમારી જાતને, તમારા ધર્મને, તમારા હોદ્દાને કે તમારા નામને ધ્યાનમાં લઈ ને તમારા પર ત્રાટકતી નથી. અને હવે આપણે સૌ જાણી ચૂકયા છીએ કે એ ગમે ત્યાં બની શકે છે. અહીં કેટલીક યાદ રાખવા જેવી વાતો લખું છું જે આપણને સુરક્ષિત અને સારી સ્થિતિમાં રહેવામાં ચોક્કસ મદદરૂપ થઈ પડશે.

પહેલું તો તમારાં કુટુંબીજનો, સગાંસ્નેહીઓ અને મિત્રોને મહત્વ આપો. ત્રણ અતિ મહત્વની બાબતો ધ્યાનમાં રાખો:

૧. તમે પ્રથમ તો ચકાસી લો કે તમે યોગ્ય જીવનવીમાથી આરક્ષિત છો કે નહિ તમારી હાલની પરિસ્થિતિ સારી હોય તો પણ તમારાં બાદ તમારા કુટુંબને કોઈ પ્રકારની તકલીફ ન પડે તેની જોગવાઈ કરી જવાની તમારી ફરજ છે અને આજના યુગની તાતી જરૂરિયાત પણ.

૨. તમારાં કુટુંબીજનોને તમારાં બધા બેન્ક અકાઉન્ટ્સ, રોકાણ વગેરે વિશે માહિતી આપી રાખો. તમારી બધી વિગતો લેખિત નોંધ રાખી તે તમારાં પતિ/પત્નીને આપી રાખો.

૩. દરેક ક્ષણને જીવી જાણો. તમારાં મિત્રો તથા આપ્તજનો સાથે સુખની દરેક ક્ષણ માણી લો. કુદરતનું સાનિધ્ય પણ માણતાં શીખો. સદાયે હસતાં અને બીજાઓનું ધ્યાન રાખતા રહો.

હું તમારાં બધા સમક્ષ એકરાર કરું છું કે આમાંની એક પણ વાત વિશે મેં અત્યાર સુધી કયારેય જરા સરખો પણ વિચાર કર્યો નથી. મને એ વિચાર આવતાં પણ ધ્રુજારી છૂટે છે કે જો મને કંઈક થઈ ગયું હોત તો –

હવે તાર્કિક વાત મૂકી થોડી વાસ્તવિક વાત કરીએ. કેટલાક પાઠ જે હું મારા અનુભવ પરથી શીખ્યો છું.

૧. કોઈ નવી જગ્યાએ કે હોટેલમાં જાણી લો કે ફાયર એક્ઝિટ (આગ લાગે ત્યારે બહાર નીકળવાનો ખાસ માર્ગ) કયાં છે. ફાયર એક્ઝિટના માર્ગે જ મારો જીવ બચાવ્યો. મને જરા સરખો પણ અંદાજ નહોતો કે તે કયાં છે કે હું જયાં ગયો ત્યાં શા

માટે ગયો. શા માટે હું ડાબી કે જમણી બાજુએ વળી ચોક્કસ દિશામાં દોડયો. મારો ચમત્કારિક અને આકસ્મિક બચાવ થયો. હું અનેક વાર હોટેલોમાં રહ્યો છું, પણ આ બાબત પર મેં ક્યારેય ધ્યાન આપ્યું નથી થોડી ક્ષણો જો તમે આ માહિતી મેળવવામાં વિતાવશો તો તમને તે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે.

૨. તમને હોટેલમાં બહારની બાજુએ રૂમ મળે એવો જ આગ્રહ રાખો, જયાં આપત્તિના સમયે અગ્નિશમન – દળની મદદ સહેલાઈથી પહોંચી શકે. મારો ઓરડો ખૂબ અંદરની બાજુએ હતો, જયાં અગ્નિશમન દળ પહોંચી શકે એવી કોઈ શક્યતા જ નહોતી. તેઓ ઘણા જ નજીક હોવા છતાં ઘણા કલાકો દૂર હતા. આ બાબતનું હંમેશા ધ્યાન રાખો.

૩. તમારી સર્વાઈવલ કિટ(આફતમાંથી ઉગારી શકે તેવી વસ્તુઓની યાદી)માં મોબાઈલ ફોન સૌથી વધુ મહત્વની વસ્તુ છે. મોબાઈલ ફોન માણસને મળેલી એક મહાન ભેટ છે. આ ખરેખર એક ઉત્તમ અને ઉપયોગી સાધન છે.

તમારો ફોન ગમે તે હોય પણ તેની બેટરી લાઈફ એક અતિ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. મોટે ભાગે આપણે મોબાઈલની બેટરી પૂરી વપરાઈ ન જાય ત્યાં સુધી તેને ચાર્જ કરવા મૂકતા નથી. આમ ન કરો. તમારો મોબાઈલ હંમેશાં ચાર્જ્ડ રાખો. મેં મુશ્કેલીના એ સમયે એસ.એમ.એસ. સંદેશાઓથી જ બહાર સંપર્ક જાળવી રાખ્યો હતો અને હું આજે એટલે જ જીવિત રહી શક્યો છું.

૪. પહેલીવાર મને શીખવા મળ્યું કે આગ કે ધુમાડામાંથી ભાગતી વખતે વાંકા વળીને અને ભીનો ધાબળો ઓઢીને ભાગવું જોઈએ. મે મારા એક મિત્રની સલાહ માનીને તે મુજબ કર્યું. ભગવાન તેનું ભલુ કરે અને હું બચી ગયો. એ વાત અલગ છે કે થોડા સમય બાદ મે ધાબળો કાઢી નાંખ્યો હતો, જેથી મને પોલીસ અને સૈનિકો આતંકવાદી સમજી ન બેસે, છતા આ એક ખૂબ સારી અને ધ્યાનમાં રાખવા જેવી સલાહ છે.

૫. તમારાં આરોગ્ય અને સ્વાસ્થ્યની ખૂબ કાળજી લો. તમે તંદુરસ્ત હશો તો ભાગી શકશો જ અને બીજાઓનો જીવ પણ બચાવી શકશો.

મારે હજી ઘણું બધું કહેવું છે અને મારી પાસે શબ્દો નથી. ઈશ્વર જ સનાતન સત્ય છે અને દરેક મનુષ્યનું પોતપોતાનું નસીબ હોય છે. હું ભગવાનનો જે મારી પાસે હતું અને જે છે એ બધા માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી રહ્યો છું. આ સંદેશ લખવા બદલ હું ખૂબ ખુશીનો અનુભવ કરી રહ્યો છું અને હું તમારાં બધા માટે અને તમારાં કુટુંબીજનોને સૌનું ભવિષ્ય ઉજ્જવળ બની રહે એવી શુભકામના પાઠવું છું.

મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલામાંબચી ગયેલો એક યુવાન

પુસ્તકઃ ઝરૂખો(વિકાસ નાયક)

## એક પૂર્ણ વ્યક્તિ

આ સપ્ટેમ્બરમાં હું સત્તાવીસનો થયો, હવે જો મને કોઈ એમ પૂછે કે અત્યાર સુધીમાં મને જીવનમાં સૌથી વધારે પસ્તાવો શાનો થાય છે, તો હું કહું કે મેં શાળા અને કોલેજમાં ઉચ્ચ ગુણ મેળવ્યા તેનો મને પસ્તાવો થાય છે, મને પસ્તાવો થાય છે કે રાજ્યકક્ષાની બોર્ડની પરીક્ષાઓમાં મેં ઉચ્ચ ક્રમ મેળવ્યા, મને પસ્તાવો થાય છે કે ઈજનેરી કૉલેજમાં હું પહેલા દસમાં આવ્યો, મને પસ્તાવો થાય છે કે મારાં બાળપણ અને તરુણાવસ્થા દરમિયાન હું હંમેશા માત્ર અભ્યાસ વિશે જ વિચારતો રહ્યો.

તરુણો તરીકે આપણામાંના મોટાભાગના અભ્યાસ પ્રત્યેના આપણા અભિગમમાં ખૂબ યાંત્રિક હોઈએ છીએ : સારી કૉલેજમાં પ્રવેશ મેળવવાના સ્વપ્ર સાથે આપણે શાળામાંથી પસાર થઈએ છીએ, ખ્યાતિપ્રાપ્ત વ્યાવસાયિક કૉલેજમાં બેઠક મેળવવાના લક્ષ્ય સાથે આપણે કૉલેજમાં સારી રીતે અભ્યાસ કરીએ છીએ... આપણે જરૂર છે માત્ર અભ્યાસ કરતાં રહેવાની, બાકીનું બધું તો આપણામાંના મોટાભાગના માટે અગાઉથી જ નક્કી થઈ ગયેલું હોય છે. આગળ વધતાં ક્યાંક પોતાની અનન્યતાનો લોપ થઈ જાય છે. વ્યક્તિ પોતાની જાતે વિકસીને બની શકી હોત તેના કરતાં એ બની જાય છે જે સમાજ તેને બનાવવા માગે છે.

એ પણ ખરું કે – આ માટે બીજા કોઈ પર દોષનો ટોપલો ઢોળવો સરળ છે. તેનું સૌથી સરળ અને હાથવગું નિશાન માબાપ છે. તેઓ જ તો આપણે બધો સમય ભણતા રહીએ તેવું ઈચ્છે છે, તેઓ જ તો ઈચ્છે છે કે દરેક પરીક્ષામાં આપણે ઊંચા ગુણ મેળવીએ, તેઓ જ તો ઈચ્છે કે આપણે ઉચ્ચ કારકિર્દી બનાવીએ. પરંતુ શું દોષ ખરેખર તેમનો જ છે ? મને એવું નથી લાગતું , ચોક્કસ સઘળા કિસ્સાઓમાં તો નહીં જ, અને મારા કિસ્સામાં ચોક્કસ નહીં જ. અલબત્ત મારાં માતાપિતાએ મને અભ્યાસ કરવાનું જરૂર કહ્યું હતું, પરંતુ અન્ય કશુંયે ન કરવું તેવું તો તેમને મને ક્યારેક નહોતું કહ્યું. તેથી મેં જે નિર્ણયો લીધા, મેં જે કંઈ કર્યું તેને માટે મારા સિવાય બીજું કોઈ જ જવાબદાર નથી.

માટે જો મને કોઈ એમ પૂછે કે એક તરુણ તરીકે મેં શું વાંચ્યું તો હું માત્ર એટલું જ કહું કે – 'મારાં પાઠયપુસ્તકો'. હું મોટો થયો અને પુસ્તકોની દુનિયાના પરિચયમાં આવતાં મને સમજાયું કે હું કેવો મૂરખ હતો કે જે ઉંમરે વાચને મને અઢળક મદદ કરી હોત તે ઉંમરે હું કેટલું બધું વાચવાથી વંચિત રહી ગયો હતો. આનંદ ખાતર વાચવાનો તો મને કોઈ ખ્યાલ જ નહોતો. હું શું ચૂકી રહ્યો હતો અને એક વ્યક્તિ તરીકે મોટા થવા મારા માટે પુસ્તકોનું જગત કેટલું લાભકારી હોઈ શકે તે મને કોઈએ ક્યારેય કહ્યું નહોતું. મને થાય છે કે બુદ્ધિ વગરના ચલચિત્રો જોવામાં કે ટીવી પર પ્રસારિત કરવામાં આવતા કોઈ પણ કાર્યક્રમને જોવામાં સમયનો દુર્વ્યય કરવા કરતાં મે વાચનમાં સમય વીતાવ્યો હોત તો કેવું સારું હતું.

મને થાય છે મે કોઈ શોખ વિકસાવ્યો હોત સારું હતું. પસંદગી કરવા માટે તો ઘણું બધું હતું. મને ચિત્રકામમાં રસ હતો, અભ્યાસની ભરચક દિનચર્યામાંથી હું શનિ–રવિ આ પ્રવૃત્તિમાં વીતાવવા માટે કાઢી શક્યો હોત તો તેના જેવું રૂડું કંઈ ન હોત. કદાચ મારે વાંજીત્ર શીખવાનો પ્રયત્ન કરવો જોઈતો હતો. યા તો કોઈ રમત.

મજબૂત સ્વતંત્ર વ્યક્તિનો આજનો ખ્યાલ મારા મનમાં ચીડ પેદા કરે છે. એક તરુણ તરીકે હું કદીયે કોઈની પરવા નહોતો કરતો. હું માનતો હતો કે મારે કોઈનીય જરૂર નહોતી. હું વિચારતો કે જો મે મિત્રો સાથે સમય બગાડયો તો મારી પાસે 'સફળ' થવા માટે પૂરતો સમય નહીં રહે માટે મેં લોકોને સમજવામાં, મૈત્રી વિકસાવવામાં, સંબંધોનું નિર્માણ કરવામાં સમય ન વીતાવ્યો અને હું જેને સફળતા માનતો તે જ જો સફળતા હોય તો, હું સફળ છું – હું પૈસો અવશ્ય બનાવું છું, મારે સરસ મજાની નોકરી છે એ દુ:ખદ કહેવાય કે મને છેક હવે જતાં ખબર પડી કે સફળતા એટલે માત્ર પૈસો જ નહીં માત્ર કારકિર્દી જ નહીં . તેને વહેંચવા માટે, માણવા માટે આપણી પાસે આપણી આસપાસ લોકો પણ હોવા જોઈએ. તેથી મને એ પસ્તાવો અવશ્ય થાય છે કે મે મૈત્રીમાં અને સંબંધોમાં કોઈ સમયનું રોકાણ ન કર્યું. મારો વિશ્વાસ કરો, તમે વિકસીને એક એવી વ્યક્તિ તો બનવા નહીં જ ઈચ્છો કે જેને પોતાના શનિ–રવિ કઈ રીતે વ્યતીત કરવા તે માટે ત્રણ વખત વિચાર કરવો પડે.

માટે જાઓ અને કોઈ પુસ્તક લો, તમને જેમાં રુચિ હોય તેવી ચીજ કરવા લાગો, કોઈ શોખ વિકસાવવા પ્રયત્ન કરો, કોઈ રમત રમો અને સૌથી મહત્ત્વનું એ કે જીવનભર ચાલે તેવી દોસ્તીને વિકસાવવા પ્રયત્ન કરો. તે જ તમને એક પૂર્ણ વ્યક્તિ બનાવશે.

પુસ્તક : ચિકનસૂપ–ભારતીય તરૂણ આત્માઓ માટે

VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net